અગત્યનું

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./પરીક્ષા/માર્ચ-2022/ ૨૪7

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેક્ટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-22/03/2022

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- બોર્ડની જાહેર પરીક્ષા સમય દરમિયાન શાળા સંચાલક મંડળના ટ્રસ્ટીશ્રી / સભ્યોશ્રીઓની પરીક્ષાસ્થળ ઉપર હાજરી બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્રક્રમાંક:-મઉમશબ/2018/10376/10414 તા:-28/12/2018 નો પત્ર.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.10 અને 12 ની જાહેર પરીક્ષાઓ તા:-28/03/2022 થી તા:-12/04/2022 દરમિયાન યોજાનાર છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ધારો-1972 તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-2005 (સુધારેલ) અન્વયે જાહેર પરીક્ષાઓમાં ઉપયોગમાં લેવામાં આવતા ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) અને નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ (બિનઅનુદાનિત) શાળાઓનો ઉપયોગ પરીક્ષાસ્થળ તરીકે બોર્ડની જાહેર પરીક્ષા માટે કરવામાં આવે છે. જેથી બોર્ડની જાહેર પરીક્ષાઓ દરમિયાન શાળાકીય સંસ્થાઓમાં કામગીરી કરતા આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ અને બિન-શૈક્ષણિક કર્મચારીશ્રીઓ ફરજ બજાવતા હોય છે. બોર્ડની જાહેર પરીક્ષાના સમય દરમિયાન શાળા સંચાલક મંડળના હોદ્દેદારશ્રીઓ કે સભ્યશ્રીઓની પરીક્ષા સમય દરમિયાન પરીક્ષાસ્થળ ઉપર કોઇ ભૂમિકા કે ફરજ સોંપવામાં આવતી નથી. સંદર્ભપત્રથી "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની જોગવાઈઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની જોગવાઈઓ અને ગુજરાત પબ્લીક સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની જોગવાઈઓ હેઠળ કામગીરી કરવા બાબત." અંગે જાણકારી આપવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભપત્રથી બોર્ડની જાહેર પરીક્ષા સંબંધી સુચના સંદર્ભે પુન: ધ્યાન દોરવાનું કે,

"ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10 અને ધો.12 ની જાહેર પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષાના સમય દરમિયાન શાળાના બિલ્ડીંગમાં શાળા મંડળના કોઇ ટ્રસ્ટી



Scanned with CamScan

હાજર રહી શકે નહીં." તે મુજબ બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન ઉપયોગમાં લેવાનાર દરેક પરીક્ષાસ્થળ ઉપર શાળા સંચાલક મંડળના ટ્રસ્ટીઓ માટે ઉક્ત સુચના દરેક શાળાઓને આપની કક્ષાએથી આપવાની રહેશે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સવિનય નકલ રવાના :-

- માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

Scanned with CamScan

જા.નં.મા-૧/૨૦૨૨/૪૭૨૮

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.
તા:- ૨૨/૦૩/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScanner